"પા પા પગલી" યોજના અંતર્ગત ખર્ચની
વિગતોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : WCDD/IMR/e-file/23/2022/0887/B
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩/૧૦/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૮૦/બ, તા.૧૬/૦૪/૨૦૨૧

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગ ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૨૧૮૦/બ૧, તા.૧૭/૦૩/૨૦૨૨

(૩) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ ની કચેરીનો તા. ૬/૬/૨૦૨૨ નો પત્ર ક્ર: આઇસીડીએસ/ઇસીસીઇ/પા પા પગલી/ ગ્રાન્ટ બાબત/ ૨૭૦૮૮૨/૨૨

આમુખ

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બાળકોના સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે "પા પા પગલી" પ્રોજેક્ટ ની નવી બાબત માટે રૂ.૫૧૨.૪૨ લાખની બજેટ જોગવાઇ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી "પા પા પગલી" પ્રોજેક્ટ હેઠળ આંગણવાડી કાર્યકરને પૂર્વ પ્રાથમિક શિક્ષણના અમલીકરણ માટે શૈક્ષણિક માર્ગદર્શન આપવા PSE કન્સલટન્ટ, ડિસ્ટ્રીક્ટ PSE ઇન્સટ્રક્ટર અને બ્લોક PSE ઇન્સટ્રક્ટરની ૪૬૬ જગ્યાઓ માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી ભરાયેલ હોવાની શરતે વધુ ૧૧ માસ માટે મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૩) પરના નિયામકશ્રી (આઇસીડીએસ) ના પત્રથી મ. અને બા.વિ. વિભાગના વંચાણે લીધેલ તા.૧૬/૪/૨૦૨૧ ના ઠરાવના ખર્ચની વિગતોમાં સુધારો કરવા તથા વર્ષ ૨૦૨૨-૨૩ માં ચાલુ બાબત તરીકે વધુ ગ્રાન્ટ એડિશનલ ઓથોરાઇઝેશનથી મંજૂર કરવા દરખાસ્ત કરેલ છે. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસ ની ઉક્ત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ (૧) પર ના ઠરાવના ખર્ચની વિગતો દર્શાવતા કોષ્ટકમાં જુદી જુદી પ્રવૃત્તિ માટે સુચવેલ ત્રીજા (૩) નંબરની આઇટમ "બાળકોના ડેવલપમેન્ટનું એસેસમેન્ટ" માં સુધારો કરી હવે "બાળકોના સર્વાંગી વિકાસ અને શાળા તત્પરતાનું આકલન: ડેવલોપમેન્ટલ એસેસમેન્ટ-બાળકોના સર્વાંગી વિકાસનો મોનીટરીંગ, તાલીમ, મિટીંગ, વર્કશોપ, પરચુરણ ખર્ચ તેમજ વહિવટી ખર્ચ" મુજબ જોગવાઇ કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

તેમજ "પા પા પગલી" પ્રોજેક્ટ માટે બજેટ સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૨ (મિશન બલમ સુખમ) હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજુર થયેલ બજેટ જોગવાઇ રૂ. ૫૧૨.૪૨ લાખ ઉપરાંત રૂ. ૫૦૮.૮૨ લાખની વધારાની જોગવાઇ માટે મંજૂરી આપવામાં આવે છે. એમ રૂ. ૧૦૨૧.૨૪ લાખની કુલ જોગવાઇ સુધારેલ અંદાજોમાં સમાવેશ કરવાની શરતે મંજુર કરવામાં આવે છે.

મ. અને બા.વિ. વિભાગના તા.૧૬/૪/૨૦૨૧ ના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૭/૧૦/૨૦૨૨ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી(આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- બજેટ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ